# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કરો આદેશ ખાતાં વાર, કે ફંડની જરૂર છે!
શરૂ કરો ભરતી મેળા, કે ફંડની જરૂર છે!
જરૂર ચંપાવતોની એવા, કે કરી દે કલ્યાણ-!!
બોલાવો અંબાણી બંધુને કે ફંડની જરૂર છે..
(રાષ્ટ્રીય કક્ષાની તૈયારી)

## હાઇકુ

શતાવધાન?!
અમે રહીએ છીએ -
સદા બે-ધ્યાન..
(બધું ભૂલી જવામાં જ મજા છે)

ભાવ તો બોલો!
કરવું છે લીલામ -
કચ્છનું રણ..!
(કચ્છ નહીં વેંચા તો કુછ..)

## ચિંતન

*પ્રસહ્ય મણિમુદ્ધરેન્મકરવક્ત્ર દંષ્ટ્રાન્તરા ત્સમુદ્રમપિ સન્તરેત્પ્રચલદૂર્મિમાલાકુલમ્ ।*
*ભુજગં મપિ કોપિતં શિરસિ પુષ્પવદ્ધારયેન્ન તુ પ્રતિનિ વિષ્ટ મૂર્ખજન ચિતમારાધયેત્ ॥*

ભર્તૃહરિ નીતિશતકનો આ શ્લોક છે :

'માનવી - મગરમચ્છ જેવાં ભયંકર ખાઉધરાં પ્રાણીના મુખમાં દાઢ વચ્ચે પડેલો-મણિને બળપૂર્વક ખેંચીને કાઢી શકે, ભયંકર ઉછળતાં મોજાંઓની હારમાળા વાળા સમુદ્રને પણ તરી શકે, ગુસ્સે થઇ છંછેડાયેલા સાપને પણ શાંત કરી ફૂલની માફક માથાં પર ગ્રહણ કરી શકે, પરંતુ-દુરાગ્રહી-જક્કી-હઠીલા-મૂર્ખ સ્વભાવના માનવીને પ્રસન્ન ન જ કરી શકે.'

**અહીં કવિએ કેટલાંક દુષ્કર-અશક્ય-મુશ્કેલ લાગતાં પરાક્રમ-કાર્યોની યાદી આપી છે આવાં અસંભવિત કાર્યો પણ કોઇ ચતુર-બુદ્ધિમાન-બળવાન પોતાના સાહસથી સિદ્ધ કરી શકે, પરંતુ એ જ વ્યક્તિ કોઇ મૂર્ખ-જડબુદ્ધિ-અજ્ઞાન-જક્કી વલણ ધરાવતી વ્યક્તિને ખૂશ કરી, સુધારી તેના વિચારોનું પરિવર્તન ન જ કરી શકે. જડ-અજ્ઞાની લોકો પોતાના સિમીત જ્ઞાનના વાડામાં જ પુરાયેલાં રહે છે. બીજું પણ કોઇ 'વિશ્વ' છે એ એમની સમજમાં જ આવતું નથી; એટલું જ નહીં આ પોતાની માન્યતા-અનુમાન એ 'સનાતન' સત્ય છે એમ કહી જ્ઞાની-સમજુને જ દોષિત માને છે.**

**મૂર્ખના મનને સમજાવવું - પ્રસન્ન કરવું અશક્ય છે.**

## સુવિચાર

- તમારી પાસે એક સાચો (સુદામા જેવો) મિત્ર હોય તો સમજજો કે ઇશ્વરે તમને તમારા હિસ્સા કરતાં ઘણું વધારે આપી દીધું છે — *- મોરારી બાપુ*
- નિષ્ફળતા જેટલી વહેલી આવે તો સફળતા પણ એટલી જ વહેલી આવશે જ — *- ગોર્ડન મુર (ઇન્ટેલના સ્થાપક)*
- 'હું જીતવા માટે બોકસીંગ રીંગમાં કયારેક જતો જ ન હતો, હું તો માત્ર લડવા જ જતો. જીતવાનું તો મારા મને અગાઉથી નક્કી કરેલું જ હતું' — *- મહમ્મદ અલી*
- સ્વર્ગમાં જો હસવાની છૂટ ન હોય તો મારે એવા સ્વર્ગમાં જવું નથી — *- ચાર્લી ચેપ્લિન*
- તમારા નીજ સ્વરૂપમાં જ અપાર આનંદ છુપાયેલો છે, જે દુઃખની કૃપાથી મળશે, સુખની કૃપાથી નહીં મળે — *- ધર્મસૂત્ર*
- રખડતા ભટકતા મંઝીલ મળી જ જશે... ગુમરાહ તો એ લોકો છે જે ઘેરથી નીકળ્યા જ નથી — *- શાહબુદ્દીન રાઠોડ*
- વિલાપ કરવા કરતા જિંદગી સામે હસવું એ માણસને વધુ છાજે છે — *- સેનેકા*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આજના સંતો-બાપુઓ ગામે ગામ આશ્રમ-મઠો બાંધી સમૃદ્ધિમાં આળોટતા હોય છે અને 'ત્યાગી' જીવન જીવતા હોય છે હવે તો પગરખાં નહીં પહેરનારા સાધુઓ પણ 'વિહાર' કરવાને બદલે આશ્રમ બાંધી, ઠરીઠામ થઇ જાય છે. બેંક અકૌંટ, ફીક્સ્ડ, જમીનો તો વધારામાં...

સ્વામી દયાનંદ સરસ્વતી એકવાર ધર્મ-પ્રચાર અર્થે ઉદયપુર આવ્યા. ધર્મજ્ઞ અને સારા વ્યાખ્યાનમાં નિયમિત હાજર રહી સ્વામીજીની સારી એવી સરભરા પણ કરી.

ચાતુર્માસ પૂર્ણ થતાં સ્વામીનો વિદાયનો વખત થયો. ઉદેપુરના રાણાએ સ્વામીજીને કહ્યું, 'સ્વામીજી! એક વિનંતી કરું?!'

દયાનંદજીએ હકારાત્મક માથું હલાવી સંમતિ આપી.

રાણાજી કહે, 'રાજયની જાગીર 'એકલિંગજી'નું ધામ છે આપ એ સ્વીકારી મહંતનું સ્થાન સ્વીકારો.'

દયાનંદ સરસ્વતીએ જવાબ દીધો - રાજન્!

આપની વિનંતીને હું માન આપી શકતો નથી એ માટે દિલગીર છું. હું જાગીર સ્વીકારું તો તેની સાચવણીમાં જ ડૂબી જાઉં મારો ધર્મપ્રચારનો હેતુ માર્યો જાય! અને પછી હું આપનો-રાજયનો સેવક બંદીવાન જ કહેવાઉં! આથી 'મહંત' બની પ્રલોભનમાં પડી મારે આત્મા વેંચવો નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

# કવિતા જેમ જેમ વંચાતી જાય તેમ તેમ શબ્દો જીવંત બની જાય છે અને શબ્દોમાં રહેતી વસંત મનમાં અનુભવાય છે, અને મન પ્રફુલ્લિત બની જાય છે, અવાજનો રણકો બદલાઇ જાય નજર બદલાઇ જાય છે

## રસ્તા વસંતના

- રેખા ભટ્ટ

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કંઇ નથી પગલાં વસંતનાં
મલયાનિલોની પીંછીને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંસના.
આ એક તારા હૈયેને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગાય ફાંટા વસંતના...
ઊડી રહ્યા છે યાદના અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના...

- મનોજ ખંડેરિયા

લોકપ્રિય કવિ મનોજ ખંડેરિયાની ખૂબ જૂની અને જાણીતી આ રચના છે. કંઇ કેટલીયે વાર વંચાયેલી / ગવાયેલી / માણેલી આ કવિતા મને તો વારંવાર ગણગણવી ગમે છે. હૈયે રહેલા શબ્દો હોઠે આવે ત્યારે સાચા અર્થમાં મારા બત્રીસે કોઠે દીવા થઇ જાય છે એમ કહું તો સ્હેજપણ ખોટું નથી.

આ મનોજ ખંડેરિયાના શબ્દોનો જાદુ છે. કવિતા જેમ જેમ વંચાતી જાય તેમ તેમ શબ્દો જીવંત બની જાય છે અને શબ્દોમાં રહેતી વસંત મનમાં અનુભવાય છે, અને મન પ્રફુલ્લિત બની જાય છે, અવાજનો રણકો બદલાઇ જાય નજર બદલાઇ જાય છે.

અને આમ જોઇએ તો 'વસંત' આપણા મનમાં છે જ પણ જેમ 'કિંમતી જણસ' સાચવવા મજૂસમાં મૂકી હોય પણ ધીમે ધીમે એની ઉપર બીજી કંઇ કેટલીયે ચીજવસ્તુઓ મૂકતા જઇએ અને પેલી 'કિંમતી જણસ' નીચે દટાતી જાય.

પાછી વર્ષે દહાડે એની યાદ આવી જાય અને બધું ફંફોસતાં, ધૂળ ખંખેરતાં મનગમતી વસ્તુ સોધી કાઢીએ એવું જ, આ 'વસંત'નું - હૈયાના આનંદનું છે. કેટલાયે ઝમેલાઓ, ઘટનાઓ, ગમા-અણગમા નીચે આપણો સાચો આનંદ દબાઇ જાય ત્યારે આપણે પણ બધું ફંગોળીને, આઘું હડસેલીને પેલો ધરબાયેલો આનંદ - મનની મોજ - હળવાશ - શોધવાં જરૂરી બની જાય છે.

કોઇને આ મનની મોજ જૂના સંસ્મરણો વાગોળતાં મળી જાય, કોઇને જૂનામિત્રો ભટકાઇ જાય અને મજ્જા પડી જાય. કોઇને પોતાના વતનની ગલી / શેરી કે નદી કિનારે જઇને બધું તાજું થઇ જાય અને હૈયું ઉંમરના કે સમયના બધા સીમાડા વટાવીને હતું એવું થનગનાટ વાળું બની જાય.

કોઇ કોઇ વાર એવું પણ બને કે બહુ વખત પહેલાં જોયેલી ફિલ્મ કે નાટક યાદ આવી જાય છે અથવા ક્યારેક વર્ષો પહેલા વાંચેલી મનગમતી નોવેલ હાથે ચઢી જાય અને સાથે સાથે આપણે પણ ફ્લેશબેકમાં સરી પડીએ. આપણા ઉપર પણ ચઢેલી ધૂળ ખંખેરાઇ જાય. પીળાં પાંદડાં ખરી પડે અને લીલાછમ્મ કૂણાં પાંદડાં જાણે કે ફૂટવા માંડે... અને અનુભવાય કે,

"ઊડી રહ્યા છે યાદના અબીલને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના..."

તો આવી આ વસંતઋતુ હજુ પૂરબહારમાં ચાલી રહી છે. નજર નાખીએ ત્યાં નવપલ્લવિત વૃક્ષો / રંગીન ફૂલો / વાતાવરણમાં મીઠી સુગંધ / ખુશનુમા આબોહવા / બેક ગ્રાઉન્ડમાં કોયલનો ટહૂકા, સંભળાઇ રહ્યો છે.

આપણે પણ એમાં સાથ પુરાવીએ...

મનમાં ઠાંસી ઠાંસીને ભરેલા પૂર્વગ્રહો ઓછા કરીએ, થોડાક ખુલ્લા મનના થઇએ, થોડાક હળવા થઇને ફરીએ, જૂના મિત્રોને શોધી કાઢીએ, હસી - હસીને તાળીઓ લઇએ, જૂની જગ્યાઓ પણ પહોંચી જઇને આઇસ્ક્રીમ ઝાપટીએ અને એના માથે 'ચા' ઠપકારીએ. અને 'વસંત-વસંત' બની જઇએ.

-rekhabhatt7a@gmail.com

# ટેકનિકલ કારણસર પક્ષકારને દાવા વિના ના રાખી શકાય : ગુજરાત હાઈકોર્ટ

## વાત કાનૂન કાયદાની...

-અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ



**સરકારના મહેસુલ વિભાગમાં ઘણા કેસોમાં તાજેતરમાં એવું જોવા મળેલ છે કે ખેડૂતોની જમીનમાં ૩૦ થી ૪૦ વર્ષ જુની ફેરફાર નોંધોને જુદા જુદા કાયદાની જોગવાઈઓ હેઠળ રીવીઝનમાં લેવા અંગે જીલ્લા કલેકટરશ્રી તેમજ મામલતદારશ્રી દ્વારા નોટીસો કાઢવામાં આવી હોય અને આવી નોંધો અંગે પક્ષકારને રજૂઆત કરવાની પૂરતી તક આપવા સીવાય આવી નોંધો રદ કરવામાં આવી હોય તેમજ તેના માલિક સરકાર સાથે ખેડૂતો કે પક્ષકારે કરેલ ૩૦ કે ૪૦ વર્ષ બાદ નોંધોને પડકારતી અપીલ રીવીઝન ડિલે એન્ડ લેવીઝના કાયદા અન્વયે રદ કરવામાં આવી હોય કોઈપણ કારણસર પક્ષકાર દ્વારા થયેલ વિલંબ માફ ના કરવાના કેસો ઘણા થવા પામેલ છે આવા કેસોમાં ગુણદોષ ઉપર પણ પક્ષકારોને રજૂઆત કરવાની તક આપવામાં આવતી ન હોવા ના કેસો પણ જોવા મળે છે. આવા કિસ્સામાં અગ્ર સચિવ મહેસુલ વિભાગના સત્તાવાળાઓએ કેસના ગુણદોષ ઉપર પક્ષકારોને રજૂઆત કરવાની તક આપવી જરૂરી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ આ મુજબનો સિધ્ધાંત આહિર હર્ષુભાઈ આજમાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે.**

**સદર કેસમાં સાજનભાઈના કુટુંબ દ્વારા કૌટુંબીક વ્યવસ્થાના ભાગરૂપ હિસ્સેદાર તરીકે ધારણ કરાયેલ જમીનનોના ટુકડાઓમાં વિભાજન કરેલ જે અંગે વહેચણી કરી જમીનની નોંધ ભાગે પડતા વહેંચણીદારે પોતાના નામે ૬ પત્રકે કરતા ૨૪-૮-૧૯૬૯ ના રોજ નોંધ પ્રમાણિત થયેલ તેમજ કુટુંબના સભ્યો હિસ્સેદાર તરીકે ઘણી બધી જમીનો ધારણ કરતા અને કાયદેસરનો કબજો ધારણ કરતા હતા અને ખેતી કરતા હતા. અરજદારના પીતરાઈ ભાઈઓ પૈકી ૨ એકર ૧૧ ગુઠાનો પોતાનો ભાગ અરજદારની તરફેણમાં જતો કરતા સર્વે નં. ૭૭૧/૫ વાળી જમીન પૈકી ૨ એકર ૨૬ ગુઠા જમીન પર પોતાનો હકક અરજદાર તરફે જતો કરતા જે અંગેની ગામ દફતરની નોંધ ૨૦/૧/૧૯૯૨ થી નોંધ નં. ૭૪૯ નોંધ પડેલ અને ૧૯૯૬ માં પ્રમાણિત કરવામાં આવેલ.**

**ત્યારબાદ અલગ અલગ વહેંચણીની નોંધો ભાઈઓ ભાગે સર્વે નં. ૬૬૭/પી ના કુલ ૪ એકર ૨૨ ગુઠા ૨ એકર ૧૧ ગુઠા દસ્તોજથી અરજદારને વેચેલ જે લગત પડેલ નોંધો પૈકી નોંધ નં. ૨૬૪, ૩૨ વર્ષ બાદ તેમજ ૧૯૯૨ વાળી નોંધ નં. ૭૪૯ અંગે ૧૦ વર્ષબાદ મહેસુલી સામાવાળાઓએ ૨૦૦૨માં જમીન મહેસુલ કાયદાની કલમ ૧૦૮(૬) અન્વયે આપમેળે કાર્યવાહી કરી અરજદારને નોટીસ પાઠવવામાં આવેલ જે કામે મહેસુલી સત્તાવાળાઓએ નોંધ નં. ૨૬૪ ૩૨ વર્ષ બાદ તેમજ નોંધ નં. ૭૪૯ ને ૧૦ વર્ષના સમયગાળા બાદ રદ કરવાનો હુકમ ૨૦૦૪ માં કરતા જૈફ ઉંતર અને બીમારીના કારણે પડકારી શકેલ નહી તેમ છતાં ૨૦૦૪ ના હુકમને ૨૦૦૮ માં અરજદારે અગ્રસચિવ, મહેસુલ વિભાગ સમક્ષ વિલંબ માફીની અરજ સાથે ફેરતપાસ અરજ દાખલ કરેલ જે ના મંજુર કરવામાં આવતા અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સીંગલ જજે અરજદારની અરજ તાત્કાલિક કાઢી નાખવાનો હુકમ કરતા જણાવેલ કે ૩ વર્ષ બાદ વિલંબ માફીની અરજ દાખલ કરવામાં ઘણો જ વિલંબ થતા વિલંબ માફીના કોઈ મજબુત તેમજ સબળ કારણો આપેલ ના હોય રદ કરવામાં આવે છે.**

*(અનુસંધાન પાના નં. ૬ પર)*

# યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના વૈજ્ઞાનિક રીચાર્ડ કાર્બનના સંશોધન મુજબ દરેક છોડની પોતાની ઓળખ હોય છે, જયારે કોઈ ભય જણાય ત્યારે દરેક છોડ પોતાની આસપાસના પોતાના કલોનને કે સમાન જનીનવાળા છોડને એક ખાસ પ્રકારનો ઉડ્ડયનશીલ વાયુ હવામાં મુક્ત કરીને સાવચેત કરી દે છે

## વન્યસૃષ્ટિ પરિચય
## વનસ્પતિઓ સંદેશા પાઠવે છે!

- હેમંત સુથાર

વનસ્પતિઓ અને માનવો વચ્ચે શું તફાવત છે? આવો પ્રશ્ન કરીએ કે વિચારીએ ત્યારે આપણે વાતોચીતો કરી શકીએ છીએ, સંદેશા પાઠવી શકીએ છીએ પણ વનસ્પતિઓ તેવું કરી શકતી નથી તેઓ મુખ્ય તફાવત ધ્યાનમાં લઇએ છીએ. હવે આ વાતમાં એવું કહી શકાય કે આપણે ખોટા છીએ અને હજુ આપણે પુરતું જાણતાં નથી.

વર્ષ ૧૯૭૦માં એક વ્યક્તિએ દાવો કર્યો હતો કે એક છોડ સાથે ગુનેગારોની તપાસ વખતે લાઇડીટેક્ટર જોડાવામાં આવે છે તેવું મશીન જોડ્યા બાદ તેની પાસે કાપવાની કાતર લાવવામાં આવે છે ત્યારે આ છોડ દ્વારા ભય પ્રદર્શિત કરાતો હોય તેવો તરંગો લાઇડીટેક્ટર મશીન પર નોંધાયા હતા. આવું કેવી રીતે કે શા માટે બનતું હતું? તે એક સંશોધનનો વિષય હતો.

વર્ષ ૧૯૭૩માં દક્ષિણ આફ્રિકાના એક જીવશાસ્ત્રી લાયલે એવો દાવો કર્યો હતો કે વનસ્પતિમાં સંવેદનાઓ હોય છે. આ વાત જે તે સમયે સ્વીકારવામાં આવી ન હતી. આવી જ વાત એક ભારતીય વૈજ્ઞાનિક સતીશચંદ્ર બોઝ દ્વારા પણ કરવામાં આવી હતી.

કેનેડાના વૈજ્ઞાનિક કેહીલ "વનસ્પતિઓની રહસ્યમય દુનિયા" વિશે વાત કરતાં કહે છે કે વનસ્પતિઓ એકબીજાને સહકાર આપે છે, એકબીજાને સંદેશા પાઠવે છે અને નુકશાનકર્તા જીવો સામે યુદ્ધ પણ જાહેર કરે છે. વનસ્પતિઓ પ્રકાશ પ્રત્યે સંવેદનશીલ છે તેમ અવાજ અને ધ્રુજારી પ્રત્યે પણ સંવેદનશીલ છે. અવાજ અને ધ્રુજારીના તરંગો ધરતીમાંથી સારી રીતે વહન થાય છે. તેથી વનસ્પતિઓને દુષ્કાળના આગમનની જાણકારી વહેલી મળે છે. વન્સપતિઓ ઉપર તેમની આસપાસના વાતાવરણમાં રહેલા ભૌતિક તથા રાસાયણિક ઉદ્દીપકોની અસરો પણ થાય છે.



વૃક્ષો અવાજનાં તરંગોને પારખે છે અને તેનો પ્રત્યુત્તર પણ આપે છે. વેસ્ટર્ન ઓસ્ટ્રેલીયા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ લાઉડ સ્પીકર મુકીને મકાઇના છોડ પાસે અવાજના તરંગો વહેતા કર્યા ત્યારે મકાઇના છોડમાંથી પ્રત્યુત્તરમાં કલીકીંગ સાઉન્ડ પેદા કરવામાં આવ્યો જે વૈજ્ઞાનિકોએ સાંભળ્યો હતો.

બીજા એક પ્રયોગમાં બ્રિસ્ટોલ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ એક વનસ્પતિના મૂળને પાણીમાં ડુબાળીને પાણીમાં ૨૦૦ હર્ટ્ઝના અવાજના તરંગો વહેતાં કર્યાં ત્યારે છોડમાંથી પ્રત્યુત્તરમાં તેટલી જ તરંગ લંબાઇના અવાજના તરંગો મુક્ત કરવામાં આવ્યા. શું વનસ્પતિઓ જવાબ આપ્યો હશે? આ ઉપરાંત એવું પણ જોવા મળ્યું કે જે બાજુથી અવાજના તરંગો વહેતાં કરવામાં આવ્યા હતા. તે બાજુના છોડના ભાગોમાં વૃદ્ધિ-વિકાસ સારો થયેલ હતો.

વનસ્પતિઓમાં પરાગનયન ક્રિયા, બીજનો ફેલાવો તથા તેમને હાનિકર્તા કીટકો જેવા જીવોથી રક્ષણ વિષયક અંદરો-અંદર સંદેશાઓની આપલે થતી હોય છે. આ માટે રંગો, આકારો, ગંધ, સમયકાળ અને રસાયણોમાં માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે. જે પૈકી મોટા ભાગનું હજુ સુધી માનવોની જાણમાં નથી. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના વૈજ્ઞાનિક રીચાર્ડ કાર્બનના સંશોધન મુજબ દરેક છોડની પોતાની ઓળખ હોય છે. જયારે કોઇ ભય જણાય ત્યારે દરેક છોડ પોતાની આસપાસના પોતાના કલોનને કે સમાન જનીનવાળા છોડને એક ખાસ પ્રકારનો ઉડ્ડયનશીલ વાયુ હવામાં મુક્ત કરીને સાવચેત કરી દે છે. આ સમયે હવાના માધ્યમનો અભાવ પૈદા કરવામાં આવે તો આવા સંદેશા પહોંચવામાં અવરોધ ઊભો થાય છે. સાગેબ્રશ કુળની વનસ્પતિઓમાં આ માટે પ્રયોગો હાથ ધરાયા હતા. જેમાં વનસ્પતિઓમાં આવા રાસાયણિક માધ્યમથી અપાતા સંદેશાઓ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. કોબીજના છોડ પર પાંદડા ખાતી ઇંયળોનો હુમલો થાય એટલે આ છોડ મીથાઇલ જેસમેનોટ નામનો વાયુ છોડીને નજીકના છોડનો સાવચેત કરી દે છે.

આજ રીતે જો કોઇ છોડ પર કીટકોનો હુમલો થાય ત્યારે વનસ્પતિ અને તેના અન્ય ભાગમાં અને નજીકના છોડને માહિતી પહોંચાડીને ભય જાહેર કરી દે છે. કાળીરાઇના છોડ પર કોઇ પતંગિયા ઇંડા મુકે ત્યારે કાળીરાઇના છોડમાં રાસાયણિક અને બંધારણીય ફેરફારો થાય છે. આવા ફેરેફારો પતંગિયાના ઇંડા ઇયળો ખાતી ભમરીઓને આકર્ષે છે. ભમરીઓ આવીને હાનિકારક જીવોનાં ઊંડા ખાઇ જાય છે. આ રીતે દુશ્મનના દુશ્મનને આમંત્રિત કરવાની વાત વનસ્પતિ કઇ રીતે વિચારે છે કે અમલ કરે છે? તે એક આશ્ચર્યજનક વાત છે.

આ બધી ઘટનાઓ કઇ રીતે થાય છે તેના વિશે વિચારીએ ત્યારે વનસ્પતિઓ પણ સમજશક્તિ ધરાવે છે અને તે પણ અન્ય પ્રાણીઓની મદદ લેવી કે પછી તેમને દૂર રાખવાના ઉપાયો કરે છે તે જોતાં માનવીથી કે અન્ય પ્રાણીઓથી તે અલગ કે પાછળ છે તેવું કહેવું હવે કદાચ આપણી અજ્ઞાનતા ગણાશે.

# એ ડોર બેલ દબાવવા જતો હતો ત્યાં એની નજર અધ ખુલ્લી બારીમાંથી અંદર દોડી ગઈ, એણે જે જોયું તેથી ચોંકી ઊઠ્યો, એનો બાપ હેરી એની મા લીસાને પીટી રહ્યો હતો

## ફાધર્સ ડેની ભેટ

- જય ગજ્જર

**ટોની નવમા ધોરણમાં ભણતો એક હોંશિયાર વિદ્યાર્થીઓ હતો. આ છેલ્લો પિરીયડ કેન્સલ થતાં ટોની સ્કૂલેથી રોજ કરતાં એક કલાક વહેલો ઘેર આવ્યો. એ ડોર બેલ દબાવવા જતો હતો ત્યાં એની નજર અધ ખુલ્લી બારીમાંથી અંદર દોડી ગઇ. એણે જે જોયું તેથી ચોંકી ઊઠ્યો. એનો બાપ હેરી એની મા લીસાને પીટી રહ્યા હતા. એ જોતાં ટોનીનું લોહી ઉકળી ઊઠ્યું. પણ ગમ ખાઇ એણે ધીરે રહીને ડોર બેલ દબાવ્યો.**

**લીસા આંસુ લૂંછી દોડી આવી. બારણું ખોલી દીકરાને વહાલથી પૂછ્યું, "બેટા, આજ વહેલો કેમ?"**

**"પીટી ટીચર નહોતા આવ્યા એટલે છેલ્લો પીરિયજ કેન્સલ થયો." અને ચૂપચાપ ઘરમાં પ્રવેશ્યો.**

**એના ડેડી કશું બોલ્યા વિના બીજી પાલી હોઇ એમનાં કારખાને ચાલ્યા ગયા.**

**એ જતાં ટોનીએ એની મમ્મીને પૂછ્યું, "મમ્મી, ડેડી તને કેમ મારતા હતા?"**

**"તું આજ કેમ આવો સવાલ કરે છે?"**

**"મેં અધ ખુલ્લી બારીમાંથી નજરે જોયું છે."**

**લીસા હવે કંઇ છૂપાવી શકે એમ નહોતી. અશ્રુભરી આંખે દીકરાને આલિંગનમાં લઇ બોલી, "બેટા, આ તો છેલ્લા પાંચ વર્ષથી રોજનો ક્રમ છે. હવે મને એ પહેલાં જેમ પ્રેમ નથી કરતાં. એમના હવસને પોષવાનું એક માત્ર પાત્ર ગણે છે. દિવસ રાત જોયા વિના એ મારે સંગ ઝંખે છે. 'મારે કામ છે.' કહી ના પાડું એટલે કસાઇની જેમ મને પીટે છે."**

**"તૂં ચૂપચાપ એ સહી કેમ લે છે?"**

**"એ તારા બાપ છે, મારા પતિ છે. પ્રેમ કરી પરણીને એમનો સાથ સ્વીકાર્યો છે, સુખમાં કે દુઃખમાં સાથે રહેવા પ્રણ લીધું છે એટલે સહી લઉં છું. એ ક્રૂર બની શકે પણ મારાથી ક્રૂર ન બનાય! હું એના ચાબખાથી ટેવાઇ ગઇ છું. જે જોયું તે ભૂલી જા!"**

**ટોની થોડું વિચારી બોલ્યો, "મમ્મી, આવતા મહિને ફાધર્સ ડે છે. તું એમને આજથી રોજ સમજાવજે કે પત્ની એ તો અર્ધાંગ્ના છે. એ તમારા પ્રેમની ભૂખી છે. નહિ સમજે તો તારો દીકરો એમને એક યાદગાર ભેટ આપશે!"**

**ટોની માને આશ્વાસન આપી એની રૂમમાં ગયો. ફાધર્સ ડે વિષે સંશોધન કરી એક સરસ લેખ તૈયાર કર્યો. આચાર્યને વાંચવા આપ્યો. એમણે ખુશ થઇ એ લેખ "ફાધર્સ ડે" એ પ્રાર્તના વખતે બધા વિદ્યાર્થીઓ સમક્ષ વાંચવા કહ્યું. એ લેખ એના ડેડીને પણ વાંચવા આપ્યો. હેરીએ વાંચી 'બુલશીટ' કહી બાજુ પર મૂકી દીધો.**

**બીજે દિવસે સ્કૂલેથી ઘેર આવ્યો ત્યારે ડેડી કામે ગયેલા. એની મમ્મી બેડરૂમમાં ધ્રૂસકે ધ્રૂસકે રડતી હતી.**

**ટોનીએ પૂછ્યું, "મમ, શું થયું આજ પાછું? ડેડ સુધર્યા નથી?"**

**"ના, બેટા, રોજનો એ ક્રમ ચાલું જ છે. આજ તો તારો લેખ વાંચી મેં તને એ લખવા પ્રેર્યો છે એ કહી મને ઢોર માર માર્યો."**

**ટોની એક શબ્દ પણ બોલ્યો નહિ. ફાધર્સ ડે ના દિવસે સવારે ઉઠી નાઇ ધોઇ ગુલાબનાં ફૂલો અને ડેડીને આપી પગે પડી એ બોલ્યો, "હેપી ફાધર્સ ડે, ડેડ. આ ધરતી પર મને લાવવા બદલ હું તમારો ઋણી છું. સ્કૂલેથી આવતાં તમારે માટે એક ગિફ્ટ લેતો આવીશ."**

**એ સ્કૂલે ગયો. પ્રાર્થના વખતે ફાધર્સ ડે વિષે વ્યાખ્યાન આપ્યું. સૌએ તાલીઓની એને વધાવી લીધો. સ્કૂલ છૂટતા એ ઘેર આવવા નીકળ્યો. સ્કૂલનો ચોકીદાર એની ઓરડીમાં સૂતો હતો. ધીરે રહી એની ગન સરકારી એ ભાગીને ઘેર પહોંચ્યો.**

**ઘર ખોલતાં એના ડેડી સામે જ મળ્યા. "હલ્લો ડેડી, ફાધર્સ ડેની તમારી ગિફ્ટ લાવ્યો છું. બાય નાઉ!" કહી એમને શોટ કર્યા.**

**અવાજ સાંભળી એની મમ્મી દોડી આવી. પતિને ચતાપાટ મૃત પડેલા જોઇ અશ્રુ સહ બોલી, "બેટા આ શું કર્યું?"**

**"તને એમના ચાબખામાંથી સદા માટે મુક્તિ અપાવી. એ મારા ડેડ નહોતા એક ક્રૂર કસાઇ હતા!"**

**અને ગન લઇ બહાર નીકળતાં એ બોલ્યો, "હું પોલીસ ચોકીએ જઇ મારો ગુનો કબૂલ કરું છું."**

**લીસા એને રોકવા એની પાછળ દોડી. પણ અફસોસ! પોલીસ ચોકીએ પહોંચી એનો ગુનો કબૂલ કરતાં પોલીસે એને હાથકડી પહેરાવી મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કર્યો. મેજિસ્ટ્રેટે પૂછ્યું, "યંગ મેન, એક બાપને શોટ કરતાં જરાકે અચકાયો નહિ?"**

**"એ મારા બાપ નહોતા. એક કાતિલ રાક્ષસ હતા. એક રેઢિયાળ ગુનેગારને સજા ન મળવી જોઇએ? જુઓ આ મારી માનો લોહિયાળ બરડો." કહી એની મા પાસે દોડી જઇ એની માનો બરડો બતાવ્યો. લીસાના બરડે લોહિયાળ ચાબખા જોઇ મેજિસ્ટ્રેટ હચમચી ઉઠ્યા.**

**એમણે તરત જ ચૂકાદો આપ્યો, "એક માના પ્રેમમાં પાગલ બની જે પગલું ભર્યું તે ખોટું હતું. તારો ગુનો તે કબૂલ કર્યો છે. પણ એ ગુનો ભયંકર છે એની સજા ફાંસી છે. પણ સાચી હકીકત ધ્યાનમાં લઇ આમ કાયદો હાથમાં લેવા બદલ તને ચાર વર્ષની કેદ ફરમાવું છું. સાથે સૌ પતિને સલાહ આપું છું કે પત્ની એ તો અર્ધાંગના છે. પ્રેમનો એક મહાન ધોધ છે. એના પર કદી ત્રાસ ન ગુજારશો. નહિ તો તમારો દીકરો ફૂલનો બદલે 'ફાધર ડે' ની કેવી ગિફ્ટ આપશે એ સમજી લો. કેસ ઇઝ કલોઝ્ડ!" કહી મેજિસ્ટ્રેટ લીસાને રડતી મુકી ચાલ્યા ગયા.**